सत्यमेव जयते

રજીસ્ટર્ડ તારીખ : ૨૧/૧૧/૨૦૧૭..
ફેસલ તારીખ : ૦૬/૦૨/૨૦૨૩..
<u>સમયગાળો: ૦૫ વર્ષ, ૦૨ માસ, ૧૬ દિવસ.</u>

# જામનગરનાં મે.સેશન્સ જજ સાહેબની કોર્ટ સમક્ષ.

<u>સેશન્સ કેસ નં.૧૫૫/૨૦૧૭..</u>

<u>આંક :: ૭૦.</u>

**ગુજરાત રાજય,**
(સીટી–બી ડિવિ. પો. સ્ટે., જામનગર, ફર્સ્ટ ગુ.ર. નં.૧૬૫/૨૦૧૭) :: ફરીયાદી.

**<u>વિરૂધ્ધ</u>**

**૧. યુનુસભાઈ જુમાભાઈ ઓબ,**
ઉ.વ. ૩૦, ધંધો : ચા ની હોટલ,
**૨. ઉંમરભાઈ યાકુબભાઈ ઓબ,**
ઉ.વ. ૫૬, ધંધો : ટ્રકનો,
**૩. આમદભાઈ યાકુબભાઈ ઓબ,**
ઉ.વ. ૩૯, ધંધો : ડ્રાઈવીંગ,
**૪. ફીરોઝભાઈ ઉંમરભાઈ ઓબ,**
ઉ.વ. ૨૮, ધંધો : ડ્રાઈવીંગ,
**૫. મામદભાઈ જુમાભાઈ ઓબ,**
ઉ.વ. ૪૫, ધંધો : ડ્રાઈવીંગ,
**૬. સતાર ઉર્ફે સીકંદર યાકુબભાઈ ઓબ,**
ઉ.વ. ૪૫, ધંધો : સીકયુરીટી ગાર્ડ,

રહે.તમામ ગાંધીનગર,
શંકરનાં મંદિરની બાજુમાં,
જામનગર. :: આરોપીઓ.

**ગુન્હો ::** ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૩૨૫, ૪૨૭ તથા જી.પી. એકટ કલમ–૧૩૫(૧) મુજબ.

ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી આર.વી. રાવલ.
આરોપીઓ પક્ષે વિ.વ. શ્રી કે.પી. આશર.

–:: **ચુકાદો** ::–

**૧.** આ કામનાં આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી. કોડ કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૩૨૫, ૪૨૭ તથા જી.પી. એકટ કલમ–૧૩૫(૧) મુજબનાં ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે.

**૨.** આ કામે ફરીયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં ફરીયાદી હાજી ઉંમરભાઈ સોતા રોશનશાપીરની દરગાહમાં આવતા જતા હોય અને નાના મોટા કામ કરતા હોય જે આરોપીઓ ને પસંદ ન હોવાથી જેનો રાગદ્વેષ રાખી તા.૨૬/૬/૨૦૧૭ નાં રોજ કલાક–૧૦–૦૦ નાં સુમારે ફરીયાદી સ્વીફ્ટ કાર નં.જીજે ૬ ડીબી ૩૧૭૯ તેમજ ઈન્ડિકા કાર નં.જીજે ૧૦ એસી ૨૭૫૦

લઈ સાહેદો હાજી કાસમભાઈ, અનવર રસુલભાઈ અને અઝરૂદીન ઈબ્રાહીમભાઈ સાથે રોશનશા પીરની દરગાહે જતા રસ્તામાં ખોળ મિલનાં ઢાળીએ આરોપીઓએ એકસંપ કરી, પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે ગેરકાયદેસર મંડળી રચી, ગેરકાયદેસરની મંડળીનો ઉદ્દેશ પાર પાડવા માટે તલવાર, લાકડી, લોખંડનાં પાઈપ જેવા પ્રાણઘાતક હથીયારો ધારણ કરી, બળ અથવા હિંસા નો ઉપયોગ કરી, હુલ્લડ કરી, આડા ફરી ફરીયાદીને ગાડીમાંથી બહાર નિકળવાનું કહી, પોતાનાં હાથમાનાં હથીયારથી ઈન્ડિકા કાર પર મારી, ગાડીનાં કાચ તોડી નાખી, ફરીયાદીને ગાડીમાંથી બહાર ખેંચી, પોતાનાં કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવત તો, ખૂન માટે દોષીત થાત તેવા જ્ઞાન અને જાણકારી સાથે ફરીયાદીને આરોપી નં.ર નાંએ તલવારનો ઘા માથામાં મારી, પાડી દઈ, આરોપી નં.૩ થી ૬ નાંઓએ લાકડી, પાઈપ વડે માર મારી, સાહેદો છોડાવવા વચ્ચે પડતા તેઓને પણ લાકડી, પાઈપ વડે માર મારી, સ્વૈચ્છાપૂર્વકની વ્યથા તથા મહા વ્યથાઓ પહોંચાડી, ખૂન કરવાની કોશીષ કરી, ઈન્ડિકા કાર તથા સ્વીફ્ટ કારને રૂા.૩૫,૦૦૦/- નું નુકશાન કરી, બનાવ સમયે અને સ્થળે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જામનગરનું હથીયારબંધીનું જાહેરનામુ અમલમાં હોવાનું જાણતા હોવા છતાં, તેનો ભંગ કરી, ઉપર જણાવેલા જીવલેણ હથીયાર ધારણ કરી અને તેનો ઈજા

પામનારાઓને મારવામાં ઉપયોગ કરી ઈ.પી. કોડ કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૩૨૫, ૪૨૭ તથા જી.પી. એકટ કલમ–૧૩૫(૧) મુજબનો ગુનો કરેલ હોય, ફરીયાદીની ફરીયાદ ઉપરથી ગુનો રજીસ્ટર્ડ કરી, આરોપીઓને અટક કરી, આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા હોય, વિ.પાંચમા એડિશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, જામનગરમાં ચાર્જશીટ રજુ કરવામાં આવેલ.

૩. આ કામે વિ.પાંચમા એડિશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, જામનગરમાં ચાર્જશીટ રજુ થતાં આરોપીઓ કોર્ટમાં હાજર થતાં તેઓને ગુના ની કબુલાત અંગે પુછતા આરોપીઓએ પોતે ગુનો કબુલ નહીં હોવાનું જણાવતા આરોપીઓ વિરૂધ્ધ ટ્રાયલ ચલાવવા ની સત્તા સેશન્સ કોર્ટને હોય, વિ.પાંચમા એડિશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, જામનગર ધ્વારા કેસ સેશન્સ કમીટ કરી અત્રેની અદાલતને મોકલી આપવામાં આવેલ હતો.

૪. આ કેસ સેશન્સ કમીટ થઈને આવતા આરોપીઓ કોર્ટમાં હાજર થતાં આરોપીઓને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલી છે કે કેમ? તે બાબતે ખાત્રી કરી આરોપીઓ વિરૂધ્ધ આંક–૧૦ થી તહોમતનામુ ઘડી, આરોપીઓને વાંચી, સંભળાવી આરોપીઓને

આંક–૧૧ થી આંક–૧૬ મુજબ ગુના કબુલાત અંગે પુછતા આરોપીઓએ પોતે ગુનો કબુલ નહીં હોવાનું જણાવતા આરોપીઓ વિરૂધ્ધ કેસ કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

**૫.** આ કામે ફરીયાદ પક્ષે પોતાની હકીકતોનાં સમર્થનમાં નીચેનાં મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે ::–

**મૌખીક પુરાવા** ::–

| **ક્રમ** | **સાહેદનું નામ** | **આંક** |
|---|---|---|
| ૦૧. | પંચ જાકીરભાઈ જુસબભાઈ | ૧૭ |
| ૦૨. | પંચ સિધ્ધરાજસીંહ હસુભા ઝાલા | ૧૯ |
| ૦૩. | પંચ કાસમભાઈ ઓસમાણભાઈ | ૨૦ |
| ૦૪. | પંચ હુશેનભાઈ અબ્દુલા મકરાણી | ૨૨ |
| ૦૫. | પંચ શોએબભાઈ અબ્દુલા બ્લોચ | ૨૪ |
| ૦૬. | ડો.સુનિલ રામેશ્વરપ્રસાદ | ૩૧ |
| ૦૭. | નજરે જોનાર હાજીભાઈ કાસમભાઈ અલવાણી | ૩૭ |
| ૦૮. | હરપાલસીંહ અનિરૂધ્ધસીંહ પરમાર | ૩૮ |
| ૦૯. | ફરીયાદી હાજીભાઈ ઉંમરભાઈ સોતા | ૪૨ |
| ૧૦. | નજરે જોનાર અનવરભાઈ રસુલભાઈ | ૪૪ |
| ૧૧. | નજરે જોનાર અરૂદિનભાઈ ઈબ્રાહીમભાઈ | ૪૫ |
| ૧૨. | નજરે જોનાર ઈકબાલભાઈ વલીમામદ | ૪૬ |
| ૧૩. | પી.એસ.ઓ. જયેન્દ્રસીંહ હરીસીંહ જાડેજા | ૫૦ |

**<u>દસ્તાવેજી પુરાવો</u> ::-**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૦૧. | સ્થાનિક જગ્યાનું પંચનામુ | ૧૮ |
| ૦૨. | કપડા કબજે કર્યાનાં પંચનામા | ૨૧, ૨૫ |
| ૦૩. | અટક પંચનામુ | ૨૩ |
| ૦૪. | સારવાર સર્ટીફિકેટ | ૩૨ થી ૩૪ |
| ૦૫. | સારવારનાં કાગળો અને એકસ-રે | ૩૫ |
| ૦૬. | હથીયારબંધીનું જાહેરનામુ | ૩૯ |
| ૦૭. | ફરીયાદ | ૪૩ |
| ૦૮. | ફરીયાદ લેવા માટે પધારવાનો પત્ર | ૪૭ |
| ૦૯. | ગુનો દાખલ કરવાની યાદી | ૪૮ |
| ૧૦. | સ્પેશીયલ રીપોર્ટ | ૪૯ |
| ૧૧. | સ્ટેશન ડાયરી | ૫૧ |
| ૧૨. | બ્લડ સેમ્પલ કબજે કર્યાનાં પંચનામા | ૫૨ થી ૫૪ |
| ૧૩. | એફ.એસ.એલ. અધિકારીને કરેલ યાદી | ૫૫ |
| ૧૪. | સ્થળ નિરિક્ષણ અહેવાલ | ૫૬ |
| ૧૫. | બ્લડ સેમ્પલ લેવાની યાદી તથા ફોર્મ | ૫૭ થી ૬૪ |
| ૧૬. | મુદ્દામાલ પૃથ્થકરણ યાદી | ૬૫ |
| ૧૭. | મુદ્દામાલની પહોંચ | ૬૬ |

ફરીયાદ પક્ષે ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવા રજુ કરેલ નથી અને પોતાનો પુરાવો પુરો થયાનું આંક-૬૭ ની પુરશીષથી જાહેર કરેલ છે.

**૬.** ઉપરોકત પુરાવા બાદ ક્રિ.પ્રો. કોડ કલમ-૩૧૩ મુજબ આરોપી ઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવતાં આરોપીઓએ તેમાં તેઓ

ને ગુના માં ખોટીરીતે સંડોવી દીધેલ હોવાનું, ખોટી ફરીયાદ ઉભી કરવામાં આવેલ હોવાનું અને ખોટો પુરાવો ઉભો કરી, ખોટા પંચનામા કરી, ખોટીરીતે ચાર્જશીટ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ, બંને પક્ષનાં વિ.વ.શ્રીઓની દલીલો સાંભળી તથા રેકર્ડ વંચાણે લીધુ.

**૭.** આ કામે બંને પક્ષનાં વિ.વ.શ્રીઓની દલીલો તથા ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવાઓને ધ્યાને લેતા આ કેસમાં મારા નિર્ણય માટે નીચેનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે ::–

**૧.** શું આરોપીઓએ ઈ.પી. કોડ કલમ–ઈ.પી. કોડ કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૩૨૫, ૪૨૭ તથા જી.પી. એકટ કલમ–૧૩૫(૧) મુજબનો સજા પાત્ર ગુનો કરેલ હોવાનું ફરીયાદ પક્ષ પુરવાર કરે છે?

**૨.** શું હુકમ?

૮. ઉપરોકત મુદ્દાઓ અંગેનાં મારા નિર્ણયો નીચે મુજબ છે ::–

**૧.** નાજી.

**૨.** આખરી હુકમ મુજબ.

૯. મારા ઉપરોકત નિર્ણયો માટેનાં કારણો નીચે મુજબ છે ::–

**–:: <u>કારણો</u> ::–**

**૧૦. <u>મુદ્દા નંબર–૧</u>** ::–

આ કામે વિ.એ.પી.પી.શ્રીએ પોતાની લંબાણપૂર્વકની દલીલમાં આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા જે સાક્ષીઓ તપાસવામાં આવેલા છે તે તમામ સાક્ષીઓની જુબાની વંચાણે લઈ અને ફરીયાદ પક્ષ ધ્વારા આરોપીઓ ઉપર મુકવામાં આવેલ ગુનાનું તહોમત નિ:શંક પણે પુરવાર કરવામાં આવેલ હોવાની હકીકત જણાવેલી છે. વધુમાં, તેમણે અદાલત રૂબરૂ ભોગ બનનાર સાહેદની જુબાની વાંચી અને તેનાં મહત્વનાં મુદ્દાઓ ઉપર અદાલતનું ધ્યાન દોરેલ છે અને જણાવેલ છે કે, આ કામનાં ફરીયાદી તરફથી આપવામાં આવેલી ફરીયાદની હકીકતોની સાથે સાથે ફરીયાદ પક્ષ તરફથી ભોગ બનનાર સાહેદ તરફથી રજુ કરવામાં આવેલી હકીકતો મેડિકલ પુરાવાથી પુરવાર થાય છે. એટલું જ નહીં પરંતુ, આ કામે તપાસવામાં આવેલા તપાસ કરનાર અધિકારીશ્રીનાં પુરાવા ઉપર થી પણ બનાવ સમયે અને સ્થળે હાલનાં આરોપીઓની હાજરી હોવાનું પણ પુરવાર થાય છે. આવા સંજોગોમાં ફરીયાદ પક્ષ તરફ થી તપાસવામાં આવેલા અન્ય સાહેદો ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર થયેલા હોવા છતાં, ફરીયાદીની ફરીયાદ, ભોગ બનનારે બનાવ અંગેની જે હકીકતો જણાવેલી છે તે અને તપાસ કરનાર

અધિકારીશ્રીનાં પુરાવાનાં આધારે પણ આરોપીઓએ હાલનાં પ્રકારનો ગુનો આચરેલ હોવાનું પુરવાર થાય છે. તેથી, ફરીયાદ પક્ષ તરફથી આરોપીઓ ઉપર મુકવામાં આવેલ ગુનાનું તહોમત પુરવાર થતુ હોવાનું ફલીત થતુ હોય, ફરીયાદ પક્ષ તરફથી આરોપીઓ ઉપર મુકવામાં આવેલ તહોમત કે, આ કામનાં ફરીયાદી હાજી ઉંમરભાઈ સોતા રોશનશાપીરની દરગાહમાં આવતા જતા હોય અને નાના મોટા કામ કરતા હોય જે આરોપીઓ ને પસંદ ન હોવાથી જેનો રાગદ્વેષ રાખી તા.૨૬/૬/૨૦૧૭ નાં રોજ કલાક–૧૦–૦૦ નાં સુમારે ફરીયાદી સ્વીફ્ટ કાર નં.જીજે ૬ ડીબી ૩૧૭૯ તેમજ ઈન્ડિકા કાર નં.જીજે ૧૦ એસી ૨૭૫૦ લઈ સાહેદો હાજી કાસમભાઈ, અનવર રસુલભાઈ અને અઝરૂદીન ઈબ્રાહીમભાઈ સાથે રોશનશા પીરની દરગાહે જતા રસ્તામાં ખોળ મિલનાં ઢાળીએ આરોપીઓએ એકસંપ કરી, પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે ગેરકાયદેસર મંડળી રચી, ગેરકાયદેસરની મંડળીનો ઉદ્દેશ પાર પાડવા માટે તલવાર, લાકડી, લોખંડનાં પાઈપ જેવા પ્રાણઘાતક હથીયારો ધારણ કરી, બળ અથવા હિંસા નો ઉપયોગ કરી, હુલ્લડ કરી, આડા ફરી ફરીયાદીને ગાડીમાંથી બહાર નિકળવાનું કહી, પોતાનાં હાથમાનાં હથીયારથી ઈન્ડિકા કાર પર મારી, ગાડીનાં કાચ તોડી નાખી, ફરીયાદીને ગાડીમાંથી બહાર ખેંચી, પોતાનાં કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવત તો, ખૂન

માટે દોષીત થાત તેવા જ્ઞાન અને જાણકારી સાથે ફરીયાદીને આરોપી નં.૨ નાંએ તલવારનો ઘા માથામાં મારી, પાડી દઈ, આરોપી નં.૩ થી ૬ નાંઓએ લાકડી, પાઈપ વડે માર મારી, સાહેદો છોડાવવા વચ્ચે પડતા તેઓને પણ લાકડી, પાઈપ વડે માર મારી, સ્વૈચ્છાપૂર્વકની વ્યથા તથા મહા વ્યથાઓ પહોંચાડી, ખૂન કરવાની કોશીષ કરી, ઈન્ડિકા કાર તથા સ્વીફ્ટ કારને રૂા.૩૫,૦૦૦/– નું નુકશાન કરી, બનાવ સમયે અને સ્થળે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જામનગરનું હથીયારબંધીનું જાહેરનામુ અમલમાં હોવાનું જાણતા હોવા છતાં, તેનો ભંગ કરી, ઉપર જણાવેલા જીવલેણ હથીયાર ધારણ કરી અને તેનો ઈજા પામનારાઓને મારવામાં ઉપયોગ કરી ઈ.પી. કોડ કલમ– ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૩૨૫, ૪૨૭ તથા જી.પી. એકટ કલમ–૧૩૫(૧) મુજબનો ગુનો આચરેલ છે તે તમામ હકીકત પુરવાર થતી હોય, આરોપીઓને સખ્તમાં સખ્ત સજા કરવા સારૂ અરજ કરેલી છે.

**૧૧.** આ કામે આરોપીઓનાં વિ.વ.શ્રીએ ખૂબ જ લંબાણપૂર્વકની દલીલોમાં આ કામનાં તમામ સાહેદોની જુબાનીઓ વાંચેલી છે અને જણાવેલ છે કે, ફરીયાદ પક્ષ તરફથી તપાસવામાં આવેલા સાહેદો પૈકી ફરીયાદી/કહેવાતા ભોગ બનનાર સાહેદનો પુરાવો

ફરીયાદ પક્ષનો સૌથી મહત્વનો પુરાવો ગણી શકાય અને ત્યાર બાદ, કહેવાતા બનાવને નજરે જોનાર સાહેદનો પુરાવો મહત્વનો પુરાવો ગણી શકાય પરંતુ, આ કામે ફરીયાદ પક્ષ તરફથી તપાસવામાં આવેલા મુળ ફરીયાદી/કહેવાતા ભોગ બનનાર સાહેદ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલા છે અને ફરીયાદી/કહેવાતા ભોગ બનનાર સાહેદે ફરીયાદની કે બનાવની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલુ નથી. આવા સંજોગોમાં ફરીયાદ પક્ષનું સૌથી મહત્વનું અંગ કહી શકાય તે મુળ ફરીયાદ જ પુરવાર થતી હોવાનું માની શકાય નહીં. એટલું જ નહીં પરંતુ, આ કામે તપાસવામાં આવેલા કહેવાતા બનાવને નજરે જોનાર તમામ સાહેદોએ પણ ફરીયાદ પક્ષનાં કેસની કે ફરીયાદની કે બનાવની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલ નથી અને તેઓ પણ ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર થયેલા છે. તપાસ કરનાર અધિકારી શ્રી, મેડિકલ ઓફિસર અને અન્ય સરકારી કર્મચારી કે અધિકારી ઓનાં પુરાવાઓ તે કોરોબરેટીવ પીસ ઓફ એવિડન્સ કહેવાય. આવા સંજોગોમાં આવા પુરાવાઓને મુખ્ય પુરાવાઓનું પીઠબળ મળવુ આવશ્યક છે પરંતુ, મુખ્ય પુરાવાઓ જેવા કે મુળ ફરીયાદી/કહેવાતા ભોગ બનનાર સાહેદનાં પુરાવા જ ફરી ગયેલા સાહેદ તરીકેનાં પુરાવા હોય, ફરીયાદ પક્ષ તરફથી કહેવાતા આરોપીઓ વિરૂધ્ધ મુકવામાં આવેલ તહોમત જ પુરવાર થતુ

નથી. આ કામે બનાવને નજરે જોનાર કોઈપણ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષ તરફથી રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. આવા સંજોગોમાં સમગ્ર પુરાવાને ઘ્યાનમાં લેતા ફરીયાદ પક્ષ આરોપીઓ ઉપર મુકવામાં આવેલ ગુનાનું તહોમત લેશમાત્રરીતે પુરવાર કરવા માં નિષ્ફળ ગયેલ છે. આખો બનાવ જ શંકાસ્પદ છે તેવું પુરવાર થાય છે જેથી, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા સારૂ અરજ કરેલી છે.

**૧૨.** આ કામે બંને પક્ષનાં વિ.વ.શ્રીઓની દલીલો અનુસંધાને કાનૂની સ્થાપિત સિઘ્ધાંતો તથા બંધારણીય જોગવાઈઓ ઘ્યાને લેવામાં આવે તો, આરોપી વિરૂઘ્ધની કાર્યવાહીમાં ફરીયાદ પક્ષે પોતાની તમામ હકીકતો નિ:શંકપણે પુરવાર કરવાની હોય છે. પુરાવાનો બોજો અપવાદરૂપ સંજોગો સિવાય હંમેશા ફરીયાદ પક્ષ ઉપર હોય છે. પુરાવાનો બોજો અપવાદરૂપ સંજોગો સિવાય કયારેય પણ આરોપી ઉપર ખસતો નથી. એટલું જ નહીં, આરોપીએ બનાવ બાબતે મૌન રહેવાનો પણ કાનૂની અધિકાર છે અને જયાં સુધી ફરીયાદ પક્ષ પોતાની હકીકતો નિ:શંકપણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપી પોતે નિર્દોષ માણસ છે તેવું અદાલતે માની લેવાનું રહે છે. આથી પણ વિશેષમાં જયારે, કોઈપણ હકીકતનું અનુમાન આરોપી અને ફરીયાદ પક્ષ બંને તરફે થઈ શકતુ હોય તેવા સંજોગો

માં અનુમાન અદાલતે આરોપી તરફે જ કરવાનું છે તેવી બંધારણીય જોગવાઈ છે અને કોઈપણ પ્રકારની શંકા ઉપસ્થિત થાય તો, તે શંકાનો લાભ પણ આરોપીને આપવાનો હોય છે.

**૧૩.** આ કામે સમગ્ર રેકર્ડની હકીકતોને ધ્યાનમાં લેતા કાનૂની સ્થાપિત સિધ્ધાંત મુજબ ફોજદારી કેસમાં સાહેદોની સંખ્યા કરતા પુરાવાની ગુણવત્તા એ મહત્વની વસ્તુ છે અને ઈજા પામનાર સાહેદની જુબાની અદાલતે મહદ્ અંશે સ્વિકારવી જોઈએ. નામદાર ગુજરાત હાઈકોર્ટનાં તાજેતરનાં ***જી.એલ.આર. ૨૦૨૧ (૨) સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ અમરા સામત રબારી અને બીજાઓ, ૧૫૮૩*** નાં કેસમાં ઠરાવેલ છે કે ::-

> "The law on the point can be summarised to the effect that the testimony of the injured witness is accorded a special status in law. This is as a consequence of the fact that the injury to the witness is an in-built guarantee of his presence at the scene of the crime and because the witness will not want to let his actual assailant go unpunished merely to falsely implicate a third party for the commission of the

offence. Thus the deposition of the injured witness should be relied upon unless there are strong grounds for rejection of his evidence on the basis of major contradictions and discrepancies therein."

આ કામે રેકર્ડ જોતા નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ઉપરોકત રૂલીંગ માં સ્થાપિત કરવામાં આવેલા સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા આ અદાલતે નકકી કરવાનું છે કે, ખરેખર ભોગ બનનારની જુબાની એ માનવાલાયક છે કે કેમ? આ કામે કહેવાતા ભોગ બનનાર સાહેદ કે જેઓ હાજીભાઈ ઉંમરભાઈ સોતા છે તેઓને ફરીયાદ પક્ષ તરફથી આંક–૪૨ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલી છે કે ::–

''એવું બનેલ નથી કે, બનાવનાં અરસામા હું તથા મારા મિત્રો ઈન્ડિકા કારમા જતા હોય અને રસ્તામા આ કામનાં આરોપીઓએ અમારી કાર રોકી મને તથા મારી કારને આડેધડ માર મારી નુકશાન કરેલ. હું આ કામનાં આરોપીઓને ઓળખતો નથી. એવુ બનેલ નથી કે, આ કામનાં આરોપીઓએ જુદા જુદા હથીયારો ધારણ કરી મને અને મારી ઈન્ડિકા કારને નુકશાન

કરેલ. મને મુદ્દામાલ બતાવવામા આવે તો ઓળખી શકુ નહીં.''

**૧૪.** આમ, ફરીયાદીની જુબાનીની હકીકતો ધ્યાને લેવામાં આવે તો, તેઓ ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલા છે અને તેઓએ પોતાની જુબાની દરમિયાન રજુ કરેલી આંક–૪૩ વાળી ફરીયાદ ની હકીકતોથી તદ્દન વિરૂધ્ધ પ્રકારની હકીકતો પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલી છે. આવા સંજોગોમાં ફરીયાદીની ફરીયાદની હકીકતો પણ પુરવાર થતી હોવાનું સ્વિકારી શકાય તેમ નથી. આ કામે ઉપર નોંધ કર્યા મુજબ મુળ ફરીયાદી/ભોગ બનનાર સાહેદ પોતે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થયેલા છે અને તેઓએ ફરીયાદ પક્ષનાં કેસની કે ફરીયાદની કે બનાવની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલુ નથી. જો કે, વિ.એ.પી. પી.શ્રી તરફથી આ મુળ ફરીયાદીને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે અને બાદમાં અદાલતની પરવાનગીથી આ સાહેદને ઉલટતપાસમાં પુછી શકાય તેવા સુચક સવાલો પુછવામાં આવેલા છે પરંતુ, તેમાં પણ આ સાહેદે પોતાની સરતપાસમાં જણાવેલી હકીકતોને વળગી રહેલા છે અને વિશેષ કોઈ હકીકત કે જે ફરીયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેવી લેશમાત્ર જણાવેલી

નથી. આમ, આ ફરીયાદી સાહેદનો પુરાવો જ ફરીયાદ પક્ષ માટે ઘાતક પુરવાર થાય છે.

**૧૫.** આ કામે બનાવનાં નજરે જોનાર સાહેદો કે જેઓ ફરીયાદી/ભોગ બનનાર સાહેદનાં મિત્રો છે અને બનાવ સમયે ફરીયાદી/ભોગ બનનારની સાથે જ ગાડીમાં હતાં તેવા હાજીભાઈ કાસમભાઈ અલવાણીને આંક–૩૭ થી, અનવરભાઈ રસુલભાઈને આંક–૪૪ થી, અરૂદિનભાઈ ઈબ્રાહીમભાઈને આંક–૪૫ થી તથા ઈકબાલ ભાઈ વલીમામદને આંક–૪૬ થી ફરીયાદ પક્ષ તરફથી તપાસવા માં આવેલા છે પરંતુ, આ તમામ સાહેદોએ પણ પોતાની સોગંદ ઉપરની જુબાનીઓમાં એકસરખી જ એવી હકીકત જણાવેલી છે કે::–

> ''એવું બનેલ નથી કે, બનાવનાં અરસામા હું તથા મારા મિત્રો ઈન્ડિકા કારમા જતા હોય અને રસ્તામા આ કામનાં આરોપીઓએ અમારી કાર રોકી અમારી કારને આડેધડ મારી નુકશાન કરેલ. હું આ કામનાં આરોપીઓને ઓળખતો નથી. મને મુદ્દામાલ બતાવવામા આવે તો ઓળખી શકુ નહીં.''

આમ, આ કામે હાલનાં કહેવાતા બનાવને નજરે જોનાર સાહેદો પણ ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર થયેલા છે અને તેઓએ પણ ફરીયાદ પક્ષનાં કેસની કે ફરીયાદની કે બનાવની હકીકતોને લેશ માત્ર સમર્થન પુરૂ પાડેલુ નથી. જો કે, વિ.એ.પી.પી.શ્રી તરફથી આ કહેવાતા બનાવનને નજરે જોનાર સાહેદોને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરવામાં આવેલા છે અને બાદમાં અદાલતની પરવાનગીથી આ સાહેદોને પણ ઉલટતપાસમાં પુછી શકાય તેવા સુચક સવાલો પુછવામાં આવેલા છે પરંતુ, તેમાં પણ આ સાહેદો એ પોતાની સરતપાસમાં જણાવેલી હકીકતોને વળગી રહેલા છે અને વિશેષ કોઈ હકીકત કે જે ફરીયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેવી લેશમાત્ર જણાવેલી નથી. આમ, ફરીયાદ પક્ષનાં આ મહત્વનાં સાહેદોનો પુરાવો પણ ફરીયાદ પક્ષ માટે ઘાતક પુરવાર થાય છે.

**૧૬.** આ કામે ફરીયાદ પક્ષ તરફથી તપાસવામાં આવેલા ફરીયાદી/ કહેવાતા ભોગ બનનારની સારવાર કરનાર મેડિકલ ઓફિસર ડો.સુનિલ રામેશ્વર પ્રસાદનો આંક–૩૧ નો પુરાવો વંચાણે લેવા માં આવે તો, આ સાહેદે પોતાની જુબાનીમાં ફરીયાદી/કહેવાતા ભોગ બનનાર સાહેદે આપેલી હિસ્ટ્રી અંગેની હકીકતો, ઈજા અંગેની હકીકતો તથા તેમને આપવામાં આવેલી સારવાર અંગેની

વિગતો જણાવેલી છે. ફરીયાદી/કહેવાતા ભોગ બનનાર સાહેદે આ મેડિકલ ઓફિસરશ્રી રૂબરૂ આપેલી હિસ્ટ્રી અંગેની હકીકતો જોવામાં આવે તો, તેઓએ એવું જણાવેલ છે કે ::–

> ''દર્દીને પુછતા જણાવેલ કે, તેનાં ઉપર અડધો કલાક પહેલા ધોકા, તલવાર અને છરી અને ગુપ્તી વડે ઉંમર પટેલ, આમદ મુસા અને ૩૦ અન્ય ઈસમોએ હુમલો કરેલો હતો.''

આ હકીકતનાં સંદર્ભમાં જોવામાં આવે તો, સૌ પ્રથમ તો, આ કામે ફરીયાદીએ મેડિકલ ઓફિસરશ્રીને જણાવ્યા મુજબ ૩૦ વ્યકિતઓએ હાલનો ગુનો આચરેલ છે પરંતુ, આ કામે આવા ૩૦ આરોપીઓ વિરૂધ્ધ હાલનો ગુનો નોંધવામાં આવેલ નથી પરંતુ, કુલ–૬ આરોપીઓ વિરૂધ્ધ હાલનો ગુનો નોંધવામાં આવેલ છે તો પછી, આ ૬ આરોપીઓ સિવાયનાં બીજા આરોપીઓ કોણ હતાં અને તેઓની પોલીસ એજન્સી તરફથી શા કારણે ધરપકડ કરવા માં આવેલી નથી કે શા કારણે તેઓ વિરૂધ્ધ કોઈપણ જાતની કાર્યવાહી કરવામાં આવેલી નથી તે અંગેનો કોઈ ખુલાસો ફરીયાદ પક્ષ તરફથી રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. એટલું જ નહીં પરંતુ, ફરીયાદી તરફથી મેડિકલ ઓફિસરશ્રીને પોતાની હિસ્ટ્રીમાં

જે આરોપીઓ ઉંમર પટેલ, આમદ મુસા એવા બે નામ આપવામાં આવેલા છે પરંતુ, આ છ આરોપીઓ પૈકી કોઈનું નામ ઉંમર પટેલ કે આમદ મુસા નથી પરંતુ, છ આરોપીઓ પૈકી એક આરોપી નં.૨ નું નામ ઉંમર ચાકુબ છે પરંતુ, ઉંમર પટેલ નથી. આવા સંજોગોમાં આ છ આરોપીઓની જ હાલનાં ગુનામાં સંડવણી હતી છે કે આ છ સિવાયનાં અન્ય આરોપીઓની હાલનાં ગુનામાં સંડોવણી હતી તે એક મોટો પ્રશ્નાર્થ છે. વિશેષમાં, ફરીયાદી/કહેવાતા ભોગ બનનાર સાહેદે મેડિકલ ઓફિસરશ્રીને તેઓ ઉપર ધોકા, તલવાર, છરી અને ગુપ્તી વડે હુમલો થયેલો હોવાનું જણાવેલ છે પરંતુ, આ કામે ફરીયાદ પક્ષનાં કેસ અને આક્ષેપો મુજબ હથીયારો તરીકે માત્ર તલવાર, લાકડી અને લોખંડનાં પાઈપનો જ ઉપયોગ થયેલ છે. આવા સંજોગોમાં ફરીયાદી/કહેવાતા ભોગ બનનાર સાહેદ તરફથી મેડિકલ ઓફિસરશ્રીને આપવામાં આવેલી હિસ્ટ્રીની હકીકતો પણ શંકાસ્પદ બની જાય છે અને આવી ઉપસ્થિત થતી શંકાનો લાભ પણ આરોપીઓને મળવાપાત્ર બની રહે છે.

**૧૭.** આ કામે ફરીયાદ પક્ષ તરફથી આંક–૬૫ થી આ કામે જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે તેની રવાનગી નોંધ, રવાનગી પત્રક અને સત્તા અંગેનું પ્રમાણપત્ર વિગેરે કે જે એફ.એસ.એલ. કચેરીને

મોકલવામાં આવેલ છે તે રજુ કરવામાં આવેલ છે તથા આંક-૬૬ થી રજુ થયેલ એફ.એસ.એલ. કચેરી તરફથી મુદ્દામાલ મળ્યાની આપવામાં આવેલી પહોંચ પણ રજુ કરવામાં આવેલી છે પરંતુ, આ કામે મુદ્દામાલનું પરિક્ષણ કરવામાં આવેલ હોય તે અંગેની કોઈ વિગતો રેકર્ડ ઉપર આવેલી નથી કારણ કે, ફરીયાદ પક્ષ તરફ થી આ કામે મુદ્દામાલ પરિક્ષણ અહેવાલ કે એફ.એસ.એલ.નાં કોઈ અભિપ્રાય રજુ કરવામાં આવેલા નથી. એટલું જ નહીં પરંતુ, આ કામે ફરીયાદ પક્ષ તરફથી તપાસવામાં આવેલા મુળ ફરીયાદી/કહેવાતા ભોગ બનનાર સાહેદ કે કહેવાતા બનાવને નજરે જોનાર કોઈપણ સાહેદોનાં પુરાવામાં તેઓ મુદ્દામાલ હથીયારોને ઓળખી શકે નહીં તેવું જણાવેલ છે. આવા તમામ સંજોગોમાં પણ ફરીયાદ પક્ષનાં કેસ અને આક્ષેપો મુજબનો ગુનો હાલનાં કહેવાતા આરોપીઓ દ્વારા જ આચરવામાં આવેલ હતો કે કેમ? તે અંગે વ્યાજબી શંકા ઉપસ્થિત થાય છે.

**૧૮.** નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ઉપરોકત રૂલીંગમાં સ્થાપિત કરવામાં આવેલા સિધ્ધાંતો મુજબ ફરીયાદી એકમાત્ર વિટનેશ હોય તેવા સંજોગોમાં અને ફરીયાદીની જુબાનીને અન્ય સાહેદોની જુબાનીનું સમર્થન પ્રાપ્ત થતુ ન હોય તો પણ ફરીયાદી સાહેદની જુબાનીમાં સત્યતાનો રણકો હોય અને જુબાની માનવાલાયક, વિશ્વાસ

લાયક હોય તેવા સંજોગોમાં ફરીયાદી એકલાની જુબાની ઉપર આધાર રાખી આરોપીને સજા કરી શકાય. આ કામે સમગ્ર કેસની ચર્ચા કર્યા મુજબ ફરીયાદી તથા કહેવાતા બનાવને નજરે જોનાર સાહેદોની જુબાની ફરી ગયેલા સાહેદો તરીકેની જુબાની છે. આ હકીકતને ધ્યાનમાં લેતા ફરીયાદીની જુબાની માનવાલાયક રહેતી નથી અને તેથી, કહેવાતા ભોગ બનનાર સાહેદનાં ઈંજરી સર્ટિફિકેટ કે મેડિકલ ઓફિસરશ્રીનાં પુરાવા કે જે કોરોબરેટીવ પીસ ઓફ એવિડન્સ છે અને તેનાં પુરાવાને મુખ્ય પુરાવાનું પીઠ બળ મળવું અત્તિ આવશ્યક છે જે મળેલ નથી તે તથા ફરીયાદીની ફરીયાદનાં આધારે પણ હાલનાં કહેવાતા આરોપીઓને હાલનાં ગુનામાં સાંકળી શકાય તેવી કોઈ હકીકતો રેકર્ડ ઉપર આવતી નથી જેથી, આ કામે ફરીયાદ પક્ષ આરોપીઓ ઉપર મુકવામાં આવેલ ઈ.પી. કોડ કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૩૨૫, ૪૨૭ તથા જી.પી. એકટ કલમ–૧૩૫(૧) મુજબ નાં ગુનાઓ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા છે તેથી, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

૧૯. આમ, ઉપરોકત ચર્ચાનાં આધારે આ કામનાં ફરીયાદી હાજી ઉંમર ભાઈ સોતા રોશનશાપીરની દરગાહમાં આવતા જતા હોય અને નાના મોટા કામ કરતા હોય જે આરોપીઓ ને પસંદ ન હોવાથી

જેનો રાગધ્વેષ રાખી તા.૨૬/૬/૨૦૧૭ નાં રોજ કલાક–૧૦–૦૦ નાં સુમારે ફરીયાદી સ્વીફ્ટ કાર નં.જીજે ૬ ડીબી ૩૧૭૯ તેમજ ઈન્ડિકા કાર નં.જીજે ૧૦ એસી ૨૭૫૦ લઈ સાહેદો હાજી કાસમભાઈ, અનવર રસુલભાઈ અને અઝરૂદીન ઈબ્રાહીમભાઈ સાથે રોશનશા પીરની દરગાહે જતા રસ્તામાં ખોળ મિલનાં ઢાળી એ આરોપીઓએ એકસંપ કરી, પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા માટે ગેરકાયદેસર મંડળી રચી, ગેરકાયદેસરની મંડળીનો ઉદ્દેશ પાર પાડવા માટે તલવાર, લાકડી, લોખંડનાં પાઈપ જેવા પ્રાણઘાતક હથીયારો ધારણ કરી, બળ અથવા હિંસાનો ઉપયોગ કરી, હુલ્લડ કરી, આડા ફરી ફરીયાદીને ગાડીમાંથી બહાર નિકળવાનું કહી, પોતાનાં હાથમાનાં હથીયારથી ઈન્ડિકા કાર પર મારી, ગાડીનાં કાચ તોડી નાખી, ફરીયાદીને ગાડીમાંથી બહાર ખેંચી, પોતાનાં કૃત્યથી પોતે મૃત્યુ નિપજાવત તો, ખૂન માટે દોષીત થાત તેવા જ્ઞાન અને જાણકારી સાથે ફરીયાદીને આરોપી નં.૨ નાંએ તલવારનો ઘા માથામાં મારી, પાડી દઈ, આરોપી નં.૩ થી ૬ નાંઓએ લાકડી, પાઈપ વડે માર મારી, સાહેદો છોડાવવા વચ્ચે પડતા તેઓને પણ લાકડી, પાઈપ વડે માર મારી, સ્વૈચ્છાપૂર્વકની વ્યથા તથા મહા વ્યથાઓ પહોંચાડી, ખૂન કરવાની કોશીષ કરી, ઈન્ડિકા કાર તથા સ્વીફ્ટ કારને રૂા.૩૫,૦૦૦/– નું નુકશાન કરી, બનાવ સમયે અને સ્થળે

જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, જામનગરનું હથીયારબંધીનું જાહેરનામુ અમલમાં હોવાનું જાણતા હોવા છતાં, તેનો ભંગ કરી, ઉપર જણાવેલા જીવલેણ હથીયાર ધારણ કરી અને તેનો ઈજા પામનારાઓને મારવામાં ઉપયોગ કરી ઈ.પી. કોડ કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૩૨૫, ૪૨૭ તથા જી.પી. એકટ કલમ–૧૩૫(૧) મુજબનો ગુનો કર્યાની હકીકત પુરવાર થતી ન હોય, મુદ્દા નં.૨ અન્વયે ન્યાયનાં હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:: **<u>હુકમ</u>** ::–

**૧.** આ કામનાં આરોપીઓ નં.(૧)યુનુસભાઈ જુમાભાઈ ઓબ, ઉ.વ. ૩૦, ધંધો : ચા ની હોટલ, (૨)ઉમરભાઈ યાકુબભાઈ ઓબ, ઉ.વ. ૫૬, ધંધો : ટ્રકનો, (૩)આમદભાઈ યાકુબભાઈ ઓબ, ઉ.વ. ૩૯, ધંધો : ડ્રાઈવીંગ, (૪)ફીરોઝભાઈ ઉમરભાઈ ઓબ, ઉ.વ. ૨૮, ધંધો : ડ્રાઈવીંગ, (૫)મામદભાઈ જુમાભાઈ ઓબ, ઉ.વ. ૪૫, ધંધો : ડ્રાઈવીંગ, (૬)સતાર ઉર્ફે સીકંદર યાકુબભાઈ ઓબ, ઉ.વ. ૪૫, ધંધો : સીકયુરીટી ગાર્ડ, રહે.તમામ ગાંધીનગર, શંકરનાં મંદિરની બાજુમાં, જામનગરવાળાઓને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૩૫ અન્વયે ઈ.પી. કોડ કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૩૨૫, ૪૨૭ તથા

જી.પી. એકટ કલમ–૧૩૫(૧)મુજબનાં શીક્ષાને પાત્ર ગુનાઓ માથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** મુદ્દામાલ ઓટો રીક્ષા નં.જીજે ૧૦ ટીડબલ્યુ ૯૨૨૪ અંગે વચગાળાનો હુકમ થયેલ હોય તો, તે કાયમ કરવો અન્યથા ફરીયાદી કે આરોપી દિન–૩૦ માં માંગણી કરે તો, માલીકીની યોગ્ય ખરાઈ કરી પરત કરવા અને જો દિન–૩૦ માં માંગણી ન કરે તો, સરકાર ખાલસા કરવાનો અને બાકીનો તમામ મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** આરોપીઓઓએ દરેકે અપીલ સમય સુધીનાં ક્રિ.પ્રો. કોડ કલમ –૪૩૭(૧) અન્વયે રૂા.૨૫,૦૦૦/– નાં એક એવા કુલ–૨ અથવા તો, રૂા.૫૦,૦૦૦/– નો એક જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદો આજરોજ તા.૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૩ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જામનગર.
તા.૬/૨/૨૦૨૩..
<u>વી.વી. જોટાણીયા.</u>

(**વિષ્ણુપ્રસાદ ગીરજાશંકર ત્રિવેદી**)
સેશન્સ જજ
<u>કોડ નં.જીજે ૦૦૩૭૮, જામનગર</u>